**પાન નં. ૭**

સ્પેદિ.મુ.નં.૧૧/૨૦૧૫
આંક– ૭૩

**<u>વાદી તર્ફે સાહેદ નં ૧ મુનાફ ઝહીર શેખની આંક–૭૩ની સરતપાસ લગત ઉલટ તપાસ   પ્રતિવાદી નં.૧,૨ તર્ફે વિ.વ.હીતેશ પંડયા</u>**

**સોગંદ આપ્યા.**

(૧) એ વાત ખરી છે કે, વાદીઓનો હુ અગાઉ પણ કુલમુખત્યાર હતો. એ વાત ખરી નથી કે, અગાઉ આપેલ કુલમુખત્યારનામુ રદ કરી નાખેલુ. એ વાત ખરી છે કે, વાદીઓએ પ્રતિવાદી નં. ૧ને જનરલ કુલમુખત્યારનામુ લખી આપેલુ. મને એ વાતની ખબર નથી કે તે કુલમુખત્યારનામામા ડીડઝ કરવાનો પણ પાવર ઓફ એટર્ની આપેલી. એ વાત ખરી છે કે, મને નીશાની ૨૯/૧ બતાવવામા આવે છે જે જોઈને હુ જણાવુ છુ કે તે પ્રતિવાદી નં.૧ ને વાદીઓએ આપેલી સ્પેશ્યલ પાવર ઓફ એટર્ની છે. એ વાત ખરી છે કે, નીશાની ૨૯/૧ ના પાવર ઓફ એટર્નીમા ડીડઝ કરવાનો પણ પાવર ઓફ એટર્ની આપેલી. નીશાની ૨૯/૧ રજુ દાખલ આંક– ૮૩. મને વાદીઓએ પ્રતિવાદી નં.૧ પાસેથી કોઈ અવેજ મેળવ્યો હોય તેની જાણકારી નથી. એ વાત ખરી છે કે, હાલના દાવાની કાર્યવાહી શરુઆતથી મારા દ્વારા દાખલ કરાયેલ હોય દાવાને લગતી તમામ બાબતોની મને જાણકારી છે. એ વાત ખરી છે કે, મે હાલનો દાવો દાખલ કર્યો તે અગાઉ દાવાવાળી મીલ્કત અંગે ઘણાબધા વેચાણ દસ્તાવેજો થયેલા હતા. એ વાત ખરી છે કે, મે હાલનો દાવો દાખલ કર્યો તે અગાઉ દાવાવાળી મીલ્કત અંગે ઘણાબધા વેચાણ દસ્તાવેજો થયેલા હતા તે વેચાણ દસ્તાવેજવાળા પક્ષકારોને હાલના દાવામા મે પક્ષકાર તરીકે સામેલ કરેલ નથી. એ વાત ખરી નથી કે, દાવો દાખલ કરતા પહેલા પ્રતિવાદી ન.૨નાએ દાવાવાળી મીલકતનો કબજો ત્રાહીત વેચાણ દસ્તાવેજથી ખરીદનારને સોપી દીધો હતો. મને એ વાતની ખબર નથી કે, પ્રતિવાદી નં.૧એ દાવાના કામે વાદીઓ સાથે ઈમેલ દ્વારા જે વાતચીત કરવામા આવેલી તેની મને કોઈ જાણકારી આપેલી છે કે નહી. આ દાવાના કામે નીશાની ૨૯/૧ પથી રજુ કરેલ ઈમેલો મે વાચેલ નથી. મને એ વાતની ખબર નથી કે નીશાની ૨૯/૧૫ વાળો ઈમેલ ગુરદીપસીગ સંધુએ પ્રતિવાદી નં. ૧ને ઈમેલ કરીને તેમને મળેલી રકમોનુ કંન્ફરમેશન આપેલુ. સંજયરાવ પ્રતિવાદી નં. ૧નાએ કુલ કેટલા રુપીયા વાદીઓને આપ્યા તેની મને કોઈ જાણકારી નથી. મને એ વાતની ખબર નથી કે તા. ૧૭/૨/૧૨ના રોજ સુધીમા પુરેપુરી રકમ વાદીઓને મળી ગયેલ હતી. એ વાત ખરી છે કે,આકૃતી એસોસીયેટસ પ્રતિવાદી નં.૧ સંજય રાવની પેઢી હતી. રુ. ૩,૪૮,૦૦૦/–સરકારમા મે ભરેલા. એ વાત ખરી નથી કે, આકૃતી એસોસીયેટસ પ્રતિવાદી નં.૧ સંજય રાવનાએ રુ. ૩,૪૮,૦૦૦/– ચેક નં. ૬૦૧૯૦૬ તા. ૨૦/૩/૧૨ ના રોજ જમા કરાવેલા. એ વાત ખરી છે કે, નીશાની ૨૯/૯ વાળો દસ્તાવેજ છે તે સરકારી કચેરી માથી આપેલ ચલણ

**પાન નં. ૮**

છે જેની તા. ૧૯/૩/૧૨ છે. મે રુ. ૩,૪૮,૦૦૦ સરકારમા રોકડા ભરેલ હોય તેથી મે ભરેલ હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી.

સવાલ :– નીશાની ૨૯/૧૭વાળા ખાતાના ઉતારા મુજબ તા. ૨૦/૩/૧૨ના રોજ ચેક નં. ૬૦૧૯૦૬ દ્બારા રુ. ૩,૪૮,૦૦૦ સરકારી ચલણ પેટે એસ.બી.આઈ.મા જમા કરાવેલ છે ?

જવાબ :– રુ. ૩,૪૮,૦૦૦ અમે પ્રતિવાદી નં. ૧ને આપેલા જે તેણે જમા કરાવેલા.

મારી પાસે રુ. ૩,૪૮,૦૦૦ અમે પ્રતિવાદી નં. ૧ને આપેલા તેવો કોઈ પુરાવો નથી. એ વાત ખરી નથી કે, ચલણની રકમ રુ. ૩,૪૮,૦૦૦ પ્રતિવાદી નં. ૧ના સંજય રાવે ભરેલ હોવા છતા હુ ખોટુ જણાવુ છુ. મારી દાવાઅરજી તથા મારી સરતપાસના સોગંધનામામા મે સંજય રાવને રુ.૩,૪૮,૦૦૦ રોકડા આપેલ હતા તેવુ દર્શાવેલ નથી.

સવાલ :– તમે દાવા અરજીમા આકૃતી એસોસીયેટસે રુ. ૩,૪૮,૦૦૦ આપેલાની હકીકત છુપાવેલ છે?

જવાબ :– મે આવી હકીકત છુપાવેલ નથી.

મે દાવા અરજીમા વિગતવાર રુ. ૩,૪૮,૦૦૦ આપેલાની હકીકત દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે,મે દાવા અરજીમા વાદીઓ અને પ્રતિવાદી નં.૧ વચ્ચે થયેલ પત્ર વ્યવહાર અને ઈમેલની વિગત છુપાવેલ છે. એ વાત ખરી નથી કે,મે દાવા અરજીમા તથા જુબાનીમા વાદીઓને મળેલ અવેજની હકીકત છુપાવેલી છે. એ વાત ખરી નથી કે, દાવો દાખલ કર્યો તે સમયે પ્રતિવાદી નં.૨નો દાવાવાળી મીલકત પર કબજો ન હતો. એ વાત ખરી છે કે, આકૃતી એસોસીયેટસ સાથે વાદીઓને મીલકત વેચાણ આપવા બાબતે કાયદેસર લખાણ કરવામા આવેલુ. એ વાત ખરી નથી કે, આકૃતી એસોસીયેટસે કરેલા લખાણ અન્વયે વાદીઓએ રકમ મેળવેલી. આકૃતી એસોસીયેટસે વાદીઓ પાસેથી કરાવેલ લખાણ અમારા વકીલ પાસે છે.તે લખાણ હુ રજુ કરવા ખુશી છુ.

સવાલ :– તમે વાદીઓને મળેલ કુલ અવેજની રકમના દસ્તાવેજી પુરાવા રજુ કરવા તૈયાર છો?

જવાબ :– કોઈ અવેજની રકમ મળેલ નથી તેથી હુ રજુ કરવા તૈયાર નથી.

પ્રતિવાદી નં.૧ને માત્ર કેરટેકર તરીકે જ વહીવટ કરવા આપેલો તેવો મારી પાસે દસ્તાવેજી પુરાવો છે.હુ આ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરવા ખુશી છુ. મે પ્રતિવાદી નં.૧નાએ દાવા અરજી વિરુધ્ધ જવાબ વાચેલ છે. પ્રતિવાદી નં.૧ એ આ મો.નં. ૦૦૧૫૫૯૩૫૧૬૧૫૬ પર વાતચીત કરેલી તેની મને ખબર નથી. મે વાદીઓ સાથે પ્રતિવાદી નં.૧એ આપેલ જવાબમા મો.નં. ૦૦૧૫૫૯૩૫૧૬૧૫૬ પર વાતચીત થયેલી તે બાબતે કોઈ ચર્ચા કરેલી નહી. મે મો.નં. ૦૦૧૫૫૯૩૫૧૬૧૫૬ પર વાદીઓ દવારા કુલ કેટલી વખત અને શુ શુ વાતચીત કરવામા આવેલી તેની પુછ પરછ કરેલી નથી. એ વાત ખરી નથી કે, વાદીઓએ મને આપેલ કુલમુખતીયારનામુ તા. ૧૫/૧૦/૧૨ ના રોજ રદ કરેલ

**પાન નં. ૯**

હતુ. વાદીઓએ મારુ  કુલમુખતીયારનામુ રદ કરેલુ ન હોવાથી મારુ કુલમુખતીયારનામુ શા માટે રદ કરેલ છે તેવુ પુછેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન આકૃતી એસોસીયેટસે વેચાણ રાખવા નકકી કરેલ ત્યારે કેટલીક તકરારો પડતર હતી. એ વાત ખરી છે કે, તે બધાને પૈસા આપીને તકરારો દુર કરેલી. એ વાત ખરી નથી કે,આ તકરારો સંજય રાવે દુર કરેલી. આ તકરારો દુર કરવા માટે મે કે વાદીઓએ પૈસા આપેલા તેવી પાવતી કે દસ્તાવેજી પુરાવો મારી કે વાદીઓ પાસે નથી. એ વાત ખરી છે કે, જેમણે તકરારો કરેલી તેમની સામે કાયદેસર લખાણો કરી રકમ ચુકવી સમાધાન કરેલ હતા. એ વાત ખરી નથી કે, જે લોકોએ તકરારો કરેલી તેમને ચુકવવાની રકમ મે વાદીઓએ ચુકવેલી નહી તેથી અમારી પાસે તેના દસ્તાવેજી પુરાવાઓ નથી.

સવાલ :– દાવાના પેરા તેત્રીસમા સવાલનામાનો સવાલ નં.૧૪નો જવાબ આજદીન સુધી તમોએ આપેલ નથી ?

જવાબ :– મને ખબર નથી.

એ વાત ખરી નથી કે, વાદીઓને અવેજની પુરી રકમ મળી ગયેલી હોય અમોએ આજદીન સુધી આ સવાલનો જવાબ આપેલ નથી. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં.૧,૨નાએ દાવાના આપેલ જવાબના કાઉન્ટર કે ખુલાસા આજદીન સુધી અમોએ કરેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી મીલકતમા બદીયાભાઈ પરમાર તથા અન્યનો કબજો હતો. એ વાત ખરી નથી કે, બદીયાભાઈ પરમાર તથા અન્યને કબજો પરત અપાવવા સંજયભાઈ રાવે પૈસા આપેલા. મને નીશાની ૨૯/૧૧ કબજો પરત આપવાનો લેખ જોઈને કહુ છુ કે સદર કરાર મુજબ બદીયાભાઈ પરમાર તથા તેમના કુટુબીજનોને કબજો પરત આપવા રુ. ૯,૫૦,૦૦૦ આપવામા આવેલા છે. એ વાત ખરી છે કે, હુ શરુઆતથી જ વાદીઓનો કુલમુખતીયાર છુ. એ વાત ખરી નથી કે, જેણે રુપીયા ૯,૫૦,૦૦૦ આપ્યા હોય તેની પાસે અસલ લેખ હોય. સંજય રાવે રુપીયા નથી આપ્યા અને મે રુપીયા આપ્યા હોય મારી પાસે રુપીયા ૯,૫૦,૦૦૦ આપ્યા હોય તેનો અસલ લેખ નથી. એ વાત ખરી નથી કે, તો ૨૦/૩/૧૩મા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવામા આવેલ તેની માહીતી વાદીઓને હતી. એ વાતની મને ખબર નથી કે,તા.૧૮/૫/૧૩થી તા. ૩૦/ ૧૦/૧૩સુધી કુલ ૧૦ વેચાણ દસ્તાવેજો કરવામા આવેલ હતા. મને એ વાતની ખબર નથી કે , પ્રતિવાદી નં.૨નાએ તા. ૩૦/૧૦/૧૩સુધી મા બધી મીલકત વેચાણ કરી દીધેલ હતી. મને એ વાતની ખબર નથી કે , મે દાવો દાખલ કર્યો ત્યા સુધીમા ૩૦થી પણ વધુ વેચાણ દસ્તાવેજો થઈ ગયેલા હતા. મને એ વાતની ખબર નથી કે , મેસર્સ એસ.કે.ડેવલોપર્સના ભાગીદારો તથા સુભાષ ક્ષત્રીયએ તથા જીતેન્દ પઠીયાર તથા હુસેનીભાઈ દુધીયાવાલાએ સમગ્ર જમીન ખરીદી લીધેલ હતી. એ વાત ખરી નથી કે, ૨૦૧૩ના વર્ષમા આ જગ્યા ઉપર દુકાનો તથા ફલેટો બની ગયેલા હતા. આ દાવો દાખલ કરતા પહેલા મે સબ રજીસ્ટ્રાર કચેરીમા કેટલા વેચાણ દસ્તાવેજ થયેલા છે તેવી કોઈ

**પાન નં. ૧૦**

તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે, જાણી બુજીને જે લોકોએ દસ્તાવેજ કરેલા તેમને આ દાવામા પક્ષકાર બનાવેલ નથી. મને એ વાતની ખબર નથી કે, પ્રતિવાદી નં.૧એ નં. ૨ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ બાદ વાદીઓએ પ્રતિવાદી નં.૧ના નુ કુલ મુખત્યારનામુ રદ કરવાની કોઈ જાણકારી પ્રતિવાદી નં.૧ને કરેલ નથી. એ વાત ખરી નથી કે, આ દાવાના કામે દાવા અંગેની ઘણી બધી હકીકતો છુપાવીહને દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે,અનેક વેચાણ દસ્તાવેજો થયાની તેમજ બાધકામ થયાની બાબતો જે તે સમયથી જજાણવા છતા મોડેથી ખોટો દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે સોગંઘ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ફેર તપાસ નથી.

તા.૨૪/૨/૨૦૨૩
દાહોદ
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભાળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

મારી રૂબરૂ

(એન.જી.સુરતી)
પ્રિન્સી. સીની. સીવીલ જજ
દાહોદ

(એન.જી.સુરતી)
પ્રિન્સી. સીની. સીવીલ જજ,દાહોદ

પ્રિન્સી.સીની.સીવીલ જજ
દાહોદ